# આરુણિ

— રતિલાલ સાં. નાયક

અરુણ ઋષિનો પુત્ર આરુણિ. ગુરુ ધૌમ્યને ત્યાં તે વિદ્યા ભણવા ગયો. એક સુંદર સરિતાને તીરે આશ્રમ બાંધી ગુરુ ધૌમ્ય શિષ્યોને ભણાવે. શિષ્યોની સંખ્યા ચારસો–પાંચસોની. રોજ સવારે ગુરુનો શિક્ષણયજ્ઞ શરૂ થાય. ત્યારે કોઈ શિષ્યો વેદોચ્ચાર કરતા હોય તો કોઈ શિષ્યો આશ્રમનાં વૃક્ષોને પાણી પાતા હોય. કોઈ શિષ્યો અર્ઘ્ય વાસ્તે ફૂલો વીણતા હોય. તો કોઈ શિષ્યો ગાયો દોહતા હોય. કોઈ રસ્તા વાળતા હોય તો કોઈ ખેતરના ક્યારા સાફ કરતા હોય. કોઈ વૃક્ષ તળે ધ્યાનમાં લીન હોય તો કોઈ નાહીધોઈ વૃક્ષની ડાળે વલ્કલ સૂકવતા હોય. ઋષિ વેદશાસ્ત્રના મંત્રોની દીક્ષા આપતા હોય ને ઋષિપત્ની હરણાંને દર્ભ ને દૂર્વા ખવરાવતાં હોય.

એક વખત વિદ્યાધ્યયન ચાલતું હતું એવામાં એકાએક ગુરુએ સૌ તરફ નજર નાખીને કહ્યું, ‘પેલો પાંચાળથી આવેલો આરુણિ કેમ દેખાતો નથી ?’

આરુણિ પ્રત્યે ગુરુની મીઠી નજર હતી. આશ્રમમાં આવ્યો ત્યારથી આરુણિ ગુરુસેવામાં ભારે રત રહેતો હતો. ગુરુ માટે સ્નાનના જળની વ્યવસ્થા કરવી, તેમનાં વલ્કલ ધોવાં, તેમની પર્ણકુટિ વાળીઝૂડી સાફ રાખવી, તેમની પથારી કરવી, તેમનાં ચરણ તળાંસવા, તેમને હોમની તૈયારીમાં મદદ કરવી એમ વિવિધ રીતે તે શુશ્રૂષા કર્યા કરતો. ગુરુસેવામાંથી વખત બચે તેમાં તે ગુરુભાઈઓને પણ ઉપયોગી થતો. કોઈની ઓરડી વાળી આપતો, કોઈને પથારી કરી આપતો, કોઈના ક્યારા સીંચી આપતો, કોઈનું વલ્કલ સાંધી આપતો.

આરુણિની સેવાવૃત્તિથી આકર્ષાઈને જ ગુરુજી અત્યારે પણ તેને યાદ કરી રહ્યા હતા.

એક બીજું પણ કારણ ઊભું થયું હતું. આકાશમાં એકાએક વાદળ ઘેરાવા મંડયાં હતાં. વીજળી કાટકા લેતી હતી. પવન ફૂંકાવા મંડયો હતો. મેઘની ભારે ગર્જના થતી હતી. આવે વખતે આરુણિ ક્યાં હશે એની ગુરુને ચિંતા થઈ હતી.

ને ત્યાં જ દૂરથી સફાળો આવતો આરુણિ જણાયો.

એ બોલ્યો, ‘મને યાદ કર્યો, ગુરુદેવ ?’

‘હા, વત્સ !’

‘શી આજ્ઞા છે, ગુરુદેવ ?’

‘હમણાં મુશળધાર વરસાદ તૂટી પડશે. આપણા ખેતરના પાળાની સંભાળ લેવી જરૂરી છે. તું જઈશ ?’

‘આ ચાલ્યો, ગુરુદેવ !’ આરુણિ લગભગ દોડયો.

બીજી બાજુ વરસાદ તૂટી પડયો.



આરુણિ ખેતરે પહોંચી ચૂક્યો હતો. જોયું તો પાળો મજબૂત કરવો જરૂરી હતો. પડખેથી માટી લઈ બંધ બાંધવા એ મંડી પડયો. પણ બંધ બંધાઈ રહે એ પહેલાં જ વરસાદ તૂટી પડયો. હવે શું કરવું ? ગુરુજીની આજ્ઞા છે કે ખેતરનો ક્યારો અખંડ જ રહેવો જોઈએ. એના મગજે વીજળીનો ઝબકારો અનુભવ્યો ને એને આદેશ આપ્યો, ‘તું જાતે જ બંધ બની જા ને !’ અને એ પાળની જગ્યાએ આડો સૂઈ ગયો. પાણી અટકીને રોકાઈ ગયું. પણ વરસાદ ચાલુ હતો. પાણીનો પ્રવાહ તો ચાલુ જ હતો. પોતે ઊઠે તો તો પાણી અંદર પ્રવેશી જાય. હાડમાંસના જીવતા પાળ સમા આરુણિએ પડયા પાણીનો પ્રચંડ સામનો કર્યો. રાત આખી વરસાદ પડતો રહ્યો ને એ સઘળો સમય એને ખાળતો એવી જ
અવસ્થામાં આરુણિ ખેતર પાસે પાળો બની પડયો રહ્યો.

વહેલી સવારે હોમવિધિથી પરવારી ગુરુ આરુણિની તપાસમાં નીકળ્યા.

‘આરુણિ ! આરુણિ !’ ગુરુજી બૂમો પાડતા રહ્યા.

દૂર ખેતરને છેડેથી અવાજ આવ્યો, ‘એ અહીં છું, ગુરુદેવ !’

ગુરુએ ત્યાં પહોંચીને જોયું તો આરુણિનું શરીર માટીના થરથી ઢંકાઈ ગયું હતું પણ આકરું કર્તવ્ય બજાવી એણે ગુરુની આજ્ઞાનું પાલન કર્યું હતું.

વરસાદ રહી ગયો હતો. પાણી વહેતું અટક્યું હતું.

ગુરુએ આરુણિને છાતી સરસો લગાવી કહ્યું, ‘વત્સ ! ભારે વસમી પીડા સહી ! મારા તને આશીર્વાદ છે. તારા મોં ઉપર હું વેદોનો અને શાસ્ત્રોનો પ્રકાશ દેખું છું. તને આત્મદર્શન થઈ ચૂક્યું છે. હવે તારો વિદ્યાભ્યાસ પૂરો થયો. તું મન ફાવે ત્યારે આશ્રમની વિદાય લઈ શકે છે.’

આરુણિએ ગુરુચરણે ઝૂકીને એમની ચરણરજ લીધી.

ત્યારથી આરુણિનું નામ ઉદ્દાલક પડયું. ઉદ્દાલક એટલે પાણીનો બંધ.

આ ઉદ્દાલકને પછી ગુરુની કૃપાથી જ્ઞાન અને સુખી જીવન પ્રાપ્ત થયાં. એમને શ્વેતકેતુ અને નચિકેતા નામે પુત્રો અને સુજાતા નામે પુત્રી પણ થયાં.

સમર્થ જ્ઞાની તરીકે ઉદ્દાલકનું નામ પંકાઈ ગયું.

■